# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

- **ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી હેઠળની 13 કોલેજોમાં ફી ઘટાડાની રાજ્ય સરકારની જાહેરાત.**
- **કચ્છના ટાપુ પરથી BSFએ શંકાસ્પદ માદક પદાર્થના 10 પેકેટ પકડ્યા.**
- **અમદાવાદ મહાનગરપાલિકાએ અત્યાર સુધીમાં 11 લાખથી વધુ વૃક્ષનું વાવેતર કર્યું.**
- **વલસાડના 3 આરોગ્ય કેન્દ્રને રાષ્ટ્રીયકક્ષાનું NQAS પ્રમાણપત્ર એનાયત.**
- **રાજ્યની જિલ્લા સહકારી બેન્કો ગ્રામ્યસ્તરે તેમની સેવાઓનું વિસ્તરણ કરી શકશે.**
- **આગામી સાત દિવસ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના.**

------------------------------------------------------------------------------------------

## GMERS FEE

ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી - GMERSની 13 મેડિકલ કોલેજ માટે નવું ફી માળખું જાહેર કરાયું છે, જે અનુસાર સરકારી ક્વોટાની 75 ટકા એટલે કે 1500 જેટલી બેઠકો માટેની ફી ઘટાડીને 3 લાખ 75

હજાર રૂપિયા, જ્યારે કે મેનેજમેન્ટ ક્વૉટાની બેઠકો માટેની વાર્ષિક ફી 12 લાખ કરવામાં આવી છે.

આ પૂર્વે સરકારી ક્વૉટાની બેઠકોની ફી 5 લાખ 50 હજાર રૂપિયા, જ્યારે મેનેજમેન્ટ ક્વૉટાની ફી 17 લાખ રૂપિયા કરાઈ હતી. જેને લઈને રાજ્યભરમાં મેડિકલના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ દ્વારા ફી ભાવ વધારા સામે દેખાવો કરાયા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટની બેઠકમાં વિદ્યાર્થીઓના હિતમાં આ નિર્ણય કરાયો હોવાનું પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું. વિદ્યાર્થીઓ સંગઠનોએ રાજ્ય સરકારના આ નિર્ણયને આવકાર્યો છે.

----------------------------------------------------

## Katch drugs

કચ્છના જખૌ વિસ્તારમાંથી માદક પદાર્થો મળી આવવાનો સિલસિલો યથાવત્ રહ્યો છે. કચ્છ જિલ્લાના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણીના જણાવ્યા અનુસાર સરહદ સુરક્ષા દળ BSFએ ગઈકાલે ભુજના જખૌ કિનારે એક  ટાપુ પરથી શંકાસ્પદ માદક પદાર્થના 10 પેકેટ ઝડપી પાડ્યા છે. જેનુ વજન આશરે 10 કિલોગ્રામ છે.BSF દ્વારા નિર્જન ટાપુઓ, જખૌના દરિયાઈ વિસ્તાર અને ક્રીક વિસ્તારમાં સઘન શોધખોળ શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ગત જૂન માસથી BSFને દ્વારા શંકાસ્પદ પદાર્થોના 192 પેકેટ મળી આવ્યા છે.

----------------------------------------------------

## AMC TREE PLANTATION

અમદાવાદ મહાનગરપાલિકાએ 100 દિવસમાં 30 લાખવૃક્ષના વાવેતરનો સંકલ્પ લીધો છે.

મહાનગરપાલિકાએ 15 જૂનથી શરૂ કરેલા આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં 11 લાખથી વધુ વૃક્ષનું વાવેતર થઈ ગયું છે. આ અંગે માહિતી આપતા અમદાવાદ મહાનગરપાલિકાની રિક્રિએશન કમિટીનાંઅધ્યક્ષ જયેશ ત્રિવેદીએ આ મુજબ જણાવ્યું.

(ઓડિયો - જયેશ ત્રિવેદી, અધ્યક્ષ, રિક્રિએશન કમિટિ , AMC )

---------------------------------------------------

## DAMAN TREE PLANTATIONS

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ ખાતે વન વિભાગ વન મહોત્સવની ઉજવણી અંતર્ગત દરેક ગ્રામ પંચાયત વિસ્તારમાં વૃક્ષારોપણની કામગીરી કરી રહ્યું છે. તંત્ર દ્વારા દરેક ગ્રામ પંચાયતના વિસ્તારમાં ઓછામાં ઓછા 250 રોપા વાવવાનો લક્ષ્યાંક છે. ગઇકાલે દુનેથા ગ્રામ પંચાયતમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મોટી દમણની ત્રણ ગ્રામ પંચાયતોમાં રોપાઓ વાવવામાં આવ્યા છે અને નાની દમણમાં આ કામગીરી ચાલી રહી છે.

---------------------------------------------------

## VALSAD NQAS CERTIFICATE

વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધરસાણા, પેટા કેન્દ્ર સોનવાડા અને વાસણના આરોગ્ય અને સુખાકારી કેન્દ્રને N.Q.A.S. એટલે કે, નેશનલ ક્વાલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ એક્રિડિટેશન રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર એનાયત થયું છે. આ સિદ્ધિ બદલ રાષ્ટ્રીય સ્તરે વલસાડ જિલ્લાને ગૌરવ પ્રદાન થયું છે. ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં વલસાડ આવેલી રાષ્ટ્રીય સ્તરની ટુકડીના નિષ્ણાતોએ વલસાડ તાલુકાના ધરાસણા, સોનવાડા અને વાસણ ગામના આરોગ્ય અને સુખાકારી કેન્દ્રમાં આરોગ્યને લગતી વિવિધ સુવિધાઓની ચકાસણી કરી હતી.

ત્યારબાદ ધરાસણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સોનવાડા આયુષ્માન આરોગ્ય કેન્દ્ર અને વાસણ આયુષ્માન આરોગ્ય મંદિરને N.Q.A.S. પ્રમાણપત્ર એનાયત કર્યું હતું. આ સન્માન બદલ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. કે. પી. પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. વિપુલ ગામિત તેમ જ સમગ્ર જિલ્લા વહીવટી તંત્રએ આરોગ્યકર્મીઓને અભિનંદન પાઠવ્યા હતા.

---------------------------------------------------

## Jagadish Vishwakarma

'સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર' મૉડલના પાયલટ પ્રોજેક્ટને બનાસકાંઠા અને પંચમહાલમાં સફળતા મળ્યા બાદ રાજ્ય સરકારે તમામ જિલ્લાની સહકારી સંસ્થાઓમાં તેનો અમલ કરવાનો નિર્ણય લીધો છે. આ પહેલના અમલીકરણ બાદ જિલ્લા સહકારી બેંકો ગ્રામ્ય સ્તરે તેમની સેવાઓનું વિસ્તરણ કરી શકશે.

આ પહેલનો હેતુ ગુજરાતની હજારો સહકારી મંડળીઓના બેંક ખાતાઓ અને થાપણોને જિલ્લા અને રાજ્ય સહકારી બેંકોના નેજા હેઠળ કેન્દ્રીયકરણ કરીને તેમની વચ્ચે સહકાર વધારવાનો છે. આ અંગે ગુજરાતના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે....

(ઓડિયો – જગદીશ વિશ્વકર્મા)

---------------------------------------------------

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

---------------------------------------------------

# SEOC

ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિ અને તે માટે તમામ વિભાગોની તૈયારી અંગે સમીક્ષા કરી તમામ વિભાગોને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતા.

આ બેઠકમાં હવામાન વિભાગના અધિકારીએ વરસાદની સ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આગામી સપ્તાહ દરમિયાન પણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. આજથી ૨૨ જુલાઈ સુધી સૌરાષ્ટ્રના રાજકોટ, જુનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા તથા દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી અને વલસાડ જિલ્લાઓમાં અતિભારે વરસાદની સંભાવના છે. જે સંદર્ભે સંબંધિત વિભાગો સાથે જરૂરી ચર્ચા કરી સંભવિત જોખમો સામે એલર્ટ રહેવા તેમણે જણાવ્યું છે.

એન.ડી.આર.એફ.ના અધિકારીએ જણાવ્યું હતું કે, રાજયમાં ભારે વરસાદની ચેતવણીના ભાગ રૂપે કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે એન.ડી.આર.એફ. તથા એસ.ડી.આર.એફ.ની ટીમો સજ્જ છે.

---------------------------------------------------

# RAIN OVERALL

ગાંધીનગરના સ્ટેટ એમરજન્સી ઑપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, રાજ્યમાં ગઈકાલે સવારે 6 વાગ્યાથી રાતના 8 વાગ્યા સુધી 72 તાલુકામાં વરસાદ નોંધાયો હતો.

સૌથી વધુ પાંચ ઈંચ વરસાદ ગીરસોમનાથ જિલ્લાના પાટણ-વેરાવળ, જુનાગઢના માણાવદર, માંગરોળ અને માળિયાહાટીના તાલુકામાં વસ્યો હતો. જ્યારે રાજકોટના વિંછીયા તાલુકામાં 4 ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સિવાયના તમામ તાલુકામાં ત્રણ ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હતો.

જામનગરના અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે કે, શહેરમાં ગઈકાલે બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. ત્યારબાદ શહેરી વિસ્તારો અને નગરસીમ વિસ્તારમાં ધોધમાર વરસાદના કારણે જનજીવન પર અસર થઈ હતી.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, પાલીતાણામાં આવેલા સૌરાષ્ટ્રના સૌથી મોટા એવા શેત્રુંજય ડેમમાં ઉપરવાસના વરસાદના કારણે નવા નીરની આવક થઈ છે. એટલે ડેમની સપાટી વધીને 20 ફૂટ સુધી પહોંચી છે. હજી પણ ડેમમાં 8 હજાર 117 ક્યૂસેક પાણીની આવક શરૂ હોવાના અહેવાલ છે.

રાજકોટના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, જિલ્લામાં ગઈકાલે સવારના 6 વાગ્યાથી 20 કલાકમાં કુલ 12 ઈંચ વરસાદ નોંધાયો છે. ગઈકાલે સાંજે છથી આઠ વાગ્યાના 2 કલાકમાં જ વિંછીયા ખાતે સાડા ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો.

દેવભૂમિદ્વારકા જિલ્લામાં પણ ગઈકાલે રાત્રે એક કલાકમાં પોણા એકથી એક ઈંચ જેટલો વરસાદ ગાજવીજ સાથે વરસ્યો હતો. જ્યારે અમરેલીના બાબરા પંથકની કાળુભાર નદીમાં પૂર આવતા સમઢિયાળા અને નીલવડા રોડ વચ્ચેનો રસ્તાને અસર થઈ હતી.

---

# Kashi – prasad speed post

રાજય સહિત દેશના કોઈપણ ખૂણામાં ઘરે બેસીને શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો પ્રસાદ મેળવી શકાશે. ટપાલ વિભાગે શ્રાવણ મહિનામાં આ માટે ખાસ વ્યવસ્થા કરી છે.

માહિતી અમદાવાદ રિજિયનના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે માહિતી આપતા કહ્યું કે, આ સેવાનો લાભ લેવા માટે, 251 રૂપિયાનો ઈ-મની ઓર્ડર નજીકની પોસ્ટ ઓફિસમાંથી સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોસ્ટ ઑફિસ, વારાણસી (પૂર્વ) વિભાગ-221001ના નામે મોકલવાનો રહેશે. ઈ-મની ઓર્ડર મળતાની સાથે જ સ્પીડ પોસ્ટ દ્વારા પ્રસાદ તરત જ ચોક્કસ સરનામે મોકલવામાં આવશે.

પ્રસાદની સાથે શ્રી કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગની છબી, મહામૃત્યુંજય યંત્ર, શિવજીની છબી કોતરવામાં આવેલ સિક્કો સહિત અન્ય વસ્તુઓ પણ સામેલ છે.

---------------------------------------------------

## Cabinet Medical staff –insentive

રાજ્ય સરકારે સરકારી હોસ્પિટલના તબીબો અને મેડીકલ સ્ટાફના પ્રોત્સાહક ભત્થામાં ૧૦ થી ૧૫ ગણો વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

પ્રવક્તામંત્રી ઋષિકેશ પટેલે કેબિનેટ બેઠકમાં લેવાયેલ આ નિર્ણય અંગે માહિતી આપતા જણાવ્યુ હતું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અંતર્ગત સરકારી હોસ્પિટલોને મળતી આવકમાંથી હોસ્પિટલોના ડોક્ટર, પેરા-મેડીકલ સ્ટાફ અને અન્ય સપોર્ટ સ્ટાફને અપાતા પ્રોત્સાહક ભત્થામાં ૧૦ થી ૧૫

ગણો વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. જે મુજબ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં કુલ આવકના ૨૫ ટકા,આણંદ, મહેસાણા, જામનગર, નવસારી જેવા મુખ્ય શહેરોના નજીક આવેલ જિલ્લાની હોસ્પિટલોમાં ૩૫ ટકા , જ્યારે રાજ્યના આદિજાતિ વિસ્તારના જિલ્લાઓ, અંતરિયાળ વિસ્તારવાળા જિલ્લાઓની હોસ્પિટલોમાં ૪૦ ટકા આપશે

મંત્રી શ્રી પટેલે વધુમાં જણાવ્યુ હતું કે, અગાઉ PMJAYના કુલ લાભાર્થીઓમાં ફક્ત BPL યાદી વાળા લાભાર્થી પેટે થતી આવક જ આ ભત્થા માટે વિતરણને પાત્ર હતી. જેમાં ફેરફાર કરી ,હવે આ યોજનાની સંપૂર્ણ આવકને ધ્યાને લેવામાં આવશે.

---

## GANDHINAGAR CHANDIPURAM

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે કે, દહેગામ તાલુકાના અમરાજીના મુવાડા ગામના સાત વર્ષના એક બાળકને ખેંચ સાથે મગજના તાવની અસર જણાતા તેમને સારવાર માટે અમદાવાદની સિપિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

શંકાસ્પદ ચાંદીપુરમ વાઈરસની તપાસ અર્થે બાળકનું સેમ્પલ પુણે મોકલવામાં આવ્યું છે. ગામમાંથી શંકાસ્પદ કેસ સામે આવતાં સ્થાનિક આરોગ્યની ટુકડીએ રોગ અટકાયત માટેના પગલાં હાથ ધર્યા છે.

---